**જન્મદિને વધામણી**



રોશનબેન યુસુફભાઈ પરમાર
કોર્પોરેટર



રમણલાલ એમ વાળંદ
ફોન : ૦૭૯ ૨૩૨૩૬૯૭૧



ઈશ્વરસિંહ ભોજાજી વાઘેલા
નિવૃત્ત પોલીસ ઈન્સપેક્ટર



હેતાંશી આર મકવાણા
મો. ૯૦૧૬૧ ૯૮૮૮૭

# રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે


ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખાતે પાંચ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે, જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપૂર લાભ લે છે. આ મહિને તા. બીજી ડિસેમ્બરના રોજ રવિવારે સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજવામાં આવશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો પ્રસાર કરી અને સારાં પુસ્તકોના વાચનનો પ્રચાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાન-પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય એવો પણ શુભાશય છે. ગુજરાતમાં ૧૫૮ જેટલાં સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે, જેમાં મુલાકાત લેનારા પ્રત્યેક મુલાકાતીને બે પુસ્તકો અને બે મેગેઝિન ભેટમાં અપાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે આ પ્રવૃત્તિના કર્તા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાન્ત ગર્ગ દ્વારા પુસ્તક ભાવકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ વસાણી પોલીમર્સની ઔદ્યોગિક મુલાકાતે



ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજના દ્વિતીય વર્ષના ૬૫ વિદ્યાર્થીઓએ તલોદ સ્થિત વસાણી પોલીમેર્સ પ્રાઈવેટ લિમિટેડ ની મુલાકાત લીધી હતી. કંપનીના સ્થાપક કેશવલાલ વસાણી દ્વારા ઉમદા ઉદેશ્ય સાથે કંપની સ્થાપવા માં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ માં ઔદ્યોગીક ક્ષેત્રની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓ બે જુથોમાં વહેંચાઈ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ.વિદ્યાર્થીઓનું ગ્રૂપ એક પછી એક પ્લાન્ટ ની મુલાકાત લીધી હતી. કંપનીના એચ. આર. મેનેજર રાજ કપૂર તેમજ સેલ્સ મેનેજર તેજસ સુથાર પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે કંપની ૨૨ વર્ષ પહેલા ૧૯૯૬ માં સ્થાપવા માં આવી હતી. જે ૪૧,૦૦૦ સ્ક્વેર કિલોમીટરમાં ફેલાયેલી છે. તેમજ ૧૬૦ કરોડ જેટલું રોકાણ અંદાજીત રીતે કંપની દ્વારા કરવા માં આવ્યું છે. જે ૨૦ mm ૪૦૦ mm સુધીની પાઈપ નું નિર્માણ કરે છે. જે કૃષિ સિંચાઈ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેંટ અને ટ્રેનિંગ સમિતિનાં ઈંચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ ડો. માર્ગી દેસાઈ પ્રો. પ્રીન્સી મેકવાન દ્વારા જહેમત ઉઠાવી હતી.

## સે. ૧૯ જીમખાના ખાતે આજે ફ્રી મેડિટેશન અને ટેરો રીડીંગ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં મેડિટેશન અને લાઈફ ડેવલોપમેન્ટનું આયોજન તારીખ ૧ ડિસેમ્બરે શનિવારે બપોરે ૩ :૩૦ થી ૫ વાગ્યા સુધી સેક્ટર-૧૯ જીમખાના ખાતે નિઃશુલ્ક રાખવામાં આવેલ છે, જેમાં પ્રીતિ ગડકરી મેડિટેશન અને નિલેશ બ્રહ્મભટ્ટ લાઈફ ડેવલોપમેન્ટના નવા વિચારો વ્યકત કરશે, જેથી આજની ભાગદોડવાળી જિંદગીમાં યોગ્ય રીતે આગળ વધી તેનો સંપૂર્ણ આનંદ મેળવી શકાય. ત્યારબાદ તરત જ ટેરો રીડિંગમાં કાર્યક્રમ રાખવામાં આવેલ છે જે પણ ગાંધીનગરની જનતા માટે તદન ફ્રી રાખવામાં આવેલ છે.

# પ્રેરણા વિદ્યાલય ખાતે ઍનર્જી અવેરનેસ પ્રોગ્રામ



ગાંધીનગર, તા. ૩૦

સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (જેડા), ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ તથા નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'એનર્જી અવેરનેસ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને ઘરમાં ઊર્જા ક્યાં-ક્યાં અને કેવી રીતે બચાવી શકાય અને વિવિધ પુનઃપ્રાપ્ય ઊર્જા વિશે રસપ્રદ શૈલીમાં સમજ આપી હતી. વાતને અસરકારક બનાવવા તેમણે મલ્ટીમીડિયાનો પણ સહકાર લીધો હતો. બાળકોનો ઉત્સાહ જાળવવા તેમને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને સાચા જવાબો આપનારા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

અંતે, આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# ઍસ કે પટેલ અંગ્રેજી સ્કૂલમાં ફેન્સી ડ્રેસ દિવસ ઉજવાયો



કડી સર્વવિદ્યાલય સંચાલિત એસ. કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ શાળામાં ''ફેન્સી ડ્રેસ'' દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો જુદા જુદા પાત્રો જેવા કે, નરેન્દ્રમોદી, બાહુબલી, વોટર ડ્રોપ, ટ્રાફિક લાઈટ, મોબાઈલ, ભરવાડ, ઝાંસી કી રાની, ભૂત, છોટા ભીમ, બટરફલાય,સાઉદીઅરેબિયન, પાઈલોટ, મહાત્માગાંધી, ભીમ, મેંગો, સ્પાઈડરમેન, પોલીસ, ડોક્ટર,ટીચર, પરિ, રાધા વગેરે નો ડ્રેસ પહેરીને આવ્યા હતા. બાળકોની કાલ્પનિક વિચારશક્તિને બહાર લાવવાના હેતુથી 'ફેન્સી ડ્રેસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા આયોજિત 'ફેન્સી ડ્રેસ'ના આ અનોખા કાર્યક્રમને બાળકોએ ભરપૂર માન્યો હતો.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૪૧મો મણકો ॥**

અમદાવાદમાં આશ્રમ જતાં 'ઈમામ મંઝિલ' નામનું મકાન આવે છે એ ઈમામસાહેબની દીકરી અમીના. આ ઘટના પછીના બે વર્ષે જેલમાં જવા માટે પોતાનું નામ લખાવતી હતી. અમીનાને ૩ બાળકો હતાં તેથી વ્યવસ્થાપકે તેને જેલમાં જવાની ના પાડી, કહ્યું, 'તારાં તો બાળકો નાનાં છે. સુલતાના સાત વર્ષની છે, વહીદ પાંચ વર્ષનો છે અને હબીબ તો હજુ



ધાવણો છે. તારાથી જૅલમાં ન જવાય.' પણ અમીના ન માની. તેણે કહ્યું, 'એ નક્કી કરનારા તમે કોણ ? મારે જૅલમાં જવું કે ન જવું એ ગાંધીજી નક્કી કરશે.' આથી વ્યવસ્થાપકે આ વાત ગાંધીજીને પહોંચાડી. ગાંધીજીએ ના તો ન પાડી, પણ કહ્યું, 'બહાદુર બાપની બેટી છે, તેથી હું ના તો નહીં પાડું.' આનું ઈન્ટપ્રિટેશન વ્યવસ્થાપકે એમ કર્યું કે, 'બાપુએ તને હા નથી પાડી.' સામે અમીનાએ કહ્યું, 'પણ મને નાય નથી પાડી ને ?' વ્યવસ્થાપકે કહ્યું, 'જૅલમાં જવા માટે તેં રસૂલભાઈની રજા લીધી છે ? તારા શૌહરની રજા લીધી છે ?' 'પણ એ તો જૅલમાં છે.' 'એમની રજા વિના તને જૅલમાં જવા ન મળે.'

150 ગાંધીયાત્રા

એ જ સાંજે અમીના પોતાનાં ત્રણેય બાળકોને લઈને ટ્રેનમાં બેઠી ને મુંબઈ પહોંચી. મુંબઈથી પુના અને પુનાથી વિશાપુ પહોંચી, જ્યાં સ્પેશિયલ જૅલ બનાવવામાં આવી હતી. સત્યાગ્રહને કારણે કેદીઓની સંખ્યા એટલી વધી ગઈ હતી કે સરકારને પ્રાંતપ્રાંતમાં નવી જૅલો બનાવવી પડી હતી.

બીબીને જોતાં જ ગુલામ રસૂલે તેને અહીં સુધી આવવાનું કારણ પૂછ્યું. અમીનાએ કહ્યું : 'જૅલમાં જવાની રજા માંગવા આવી છું.' ગુલામ રસૂલે કહ્યું : 'રજા તો ગાંધીજી આપે.' 'પણ એમણે તો તમારી રજા લેવાનું કહ્યું.'

એ લોકો મૂળ અમદાવાદના. ગુલામ રસૂલે અમીનાને પૂછ્યું, 'અમદાવાદ જોયું છે ?' શૌહરનો પ્રશ્ન અમીના સમજી ન શકી, તેથી ચૂપ રહી. ગુલામ રસૂલે જ જવાબ આપ્યો, 'અમદાવાદ જોયું હોય તો ત્યાં ત્રણ દરવાજા છે. ત્રણ દરવાજે આ બાળકોને મૂકી દેજો, તેમની હિફાજત કરનારો ખુદા ઉપર બેઠો છે. જૅલમાં જવા માટે મારી રજા માંગવાની ન હોય.'


•

આજે આપણે જે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવીએ છીએ એ દિવસે પ્રથમ વખતે લાહોર કોંગ્રેસ પછી સ્વતંત્રતાની પહેલી ઉજવણી હતી. આ દિવસ નક્કી કરવાનું એક કારણ એ પણ હતું કે ઠરાવો થયા પછી ને કોંગ્રેસ પત્યા પછીનો એ પહેલો રવિવાર હતો. આ દિવસે મોટી સંખ્યામાં કેદીઓનો જેલમાંથી બિનશરતી છૂટકારો પણ થયો હતો. લગભગ સાઠ હજાર લોકો જેલમાં ગયા હતા અને પાછલા દિવસોમાં કેટલીક જેલો પણ નવી બની'તી.

કેદીઓને છોડવા પડ્યા એનું એક કારણ એ પણ હતું કે ગાંધીજીએ વાઈસરોય લૉર્ડ ઈરવીનને એમ જણાવ્યું હતું કે, અસહકાર આંદોલન ચલાવવા અંગેની સઘળી જવાબદારી હું સ્વીકારવા તૈયાર છું. પણ એ પછી દેશની સ્વતંત્રતા અંગેની વાટાઘાટોની જવાબદારી હું એકલો ન લઈ શકું. એ જવાબદારી તો કોંગ્રેસ લઈ શકે અને એટલે જો તમે કોંગ્રેસની કારોબારીને જેલમાંથી મુક્ત કરો તો હું એમની સાથે મળીને આ ચર્ચામાં ભાગ લઈ શકું. હવે જો કોંગ્રેસની કારોબારીને છોડે તો કદાચ એવું થાય કે કારોબારી એમ કહે કે અમારા બધા નિર્ણયો તો મહાસમિતિને આધારે થાય છે, તેથી મહાસમિતિના સભ્યોનેય જેલમાંથી છોડો. આમ, પછીથી મહાસમિતિના સભ્યોનેય છોડવાના થાય એ વિચારથી સઘળા કેદીઓને એકસાથે જ છોડવાનો નિર્ણય લેવાયો ને છોડાયા પણ ખરા.

લૉર્ડ ઈરવીને ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં આવવા આમંત્રણ આપ્યું હતું અને એ માટેની ભૂમિકા તૈયાર કરવા વાટાઘાટો તેમની સાથે ચલાવી. એ સમયે કોંગ્રેસની કારોબારી દિલ્હીમાં રોકાઈ હતી. ચર્ચા કરવા ગાંધીજી એકલા જ જાય, આખો દિવસ તેઓ ચર્ચાઓ કરે અને રાત્રે આવીને કોંગ્રેસની કારોબારીને તે ચર્ચા વિશે જણાવે. અડધી રાત્રે ગાંધીજી આવે ત્યારે કારોબારીને સભ્યો ઊંઘી ગયા હોય તો તેમને જગાડીને ચર્ચા કરે અને બીજા દિવસનું આયોજન પણ સૌ સાથે મળીને વિચારે. બે વાર તો એવું પણ થયું હતું કે ગાંધીજી આવ્યા હતા ત્યારે રાતના બે વાગ્યા હતા. બન્યું હતું એવું કે આખા દિવસના વ્યસ્ત કાર્યક્રમને કારણે ગાંધીજીનો સાંજે ચાલવાનો કાર્યક્રમ મુલતવી થઈ જતો હતો. આ કારણે રાત્રે બાર વાગ્યા પછી ચર્ચા પૂરી થયા પછી પાછા વળતાં દરિયાગંજ સુધી ગાંધીજીએ ચાલી નાખવાનું જ યોગ્ય માન્યું. આ કારણે રાતના બે વાગી ગયા હતા.

ગાંધીજી એ ધાર્મિક રીતે વિચારનારા માણસ હતા અને લૉર્ડ ઈરવીન પણ ધાર્મિક રીતે વિચારનારા માણસ હતા. આ કારણે આ ચર્ચા ભલે રાજનૈતિક હતી પણ તેની પૃષ્ઠભૂમિ ધાર્મિક હતી. અને આ ચર્ચાનું સૌથી વધારે મહત્ત્વ કોઈ સમજ્યું હોય તો એ સમજ્યા હતા ગાંધીજીના એકદમ કટ્ટર વિરોધી વિન્સ્ટન ચર્ચિલ. તેમણે તો એમ પણ કહ્યું હતું કે, 'આ અડધો નાગો (ફકીર) બાદશાહ સલામતના પ્રતિનિધિના મહેલના પગથિયાં ચડે ? તેમની સમાન બેસી ચર્ચા કરે એ કેવી રીતે સહન થઈ શકે ?' યુદ્ધ પછી જેમ બે દેશોના પ્રતિનિધિઓ જેમ સમાજ સ્થાન પર બેસીને ચર્ચા કરે તેમ ગાંધીજી વાઈસરોય સાથે ચર્ચા કરી રહ્યા હતા. ચર્ચિલથી એ સહેવાતું નહોતું. ગાંધીજી ઈંગ્લેન્ડ સાથે સમાન દરજ્જે બેસીને ચર્ચા કરતા હતા એ તેમને મન મોટી સમસ્યા હતી. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**

# સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જાતે મહેનત કેવી રીતે કરવી ?

**કરિયર કોર્નર**
**કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ**
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું બી.એસ.સી.માં અભ્યાસ કરુ છુ. એમ.એસ.સી. બાદ કારકિર્દી માટે કયા વિકલ્પ ઉપ્લબ્ધ છે?**

**- ધવલ પ્રજાપતી, હિમતનગર**

ધવલ,એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે. હવે આપ આપનુ એમ. એસ.



સી. આપના કોઈ પણ એક મનપસંદ અને આપની રુચિ મૂજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમીસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઈક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી ક જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિક્લ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિક્લ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિક્લ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ. પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે.

અન્ય એક વિક્લ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિક્લ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયન્ટીફિક આસિસ્ટ્ન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિક્લ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઈ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બેંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો. જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું હાલ ગવરમેન્ટ જોબની તૈયારી કરું છુ.તો એના માટે પોતાની જાતે (સેલ્ફ સ્ટડી) કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે કઇ રીતે કરી શકાય?**

**- પૂર્વિ પટેલ, ગાંધીનગર**

પૂર્વિ , એ જાણી ને આનંદ થયો કે આપનો ધ્યેય નક્કી છે અને આપ ગવરમેન્ટ જૉબ મેળવવા ઈચ્છો છો. હવે આપ એ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પોતાની જાતે કરવા ઈચ્છો છો તેના મહત્વના મુદ્દા આપની સમક્ષ રજૂ કરીશું. સૌપ્રથમ તો આપની આપના ધ્યેય પ્રત્યે ગંભીરતા હોવી જરૂરી છે જે તમને સફળ થવા માટે ચોક્કસ મદદરૂપ થશે. સામાન્ય રીતે આપ કોઈ ક્લાસીસમાં જોડાવો છો તો આપને જોઈતું વાતાવરણ મળી શકતું હોય છે. જો આપ સેલ્ફ સ્ટડી કરતાં હોવ તો આપની મેહનત સતત અને નિયમિત હોવી જોઈએ એટ્લે કે આપે જે તે વિષય માટે વાંચન નિયમિત રીતે કરવું જરૂરી છે. એ માટે આપે સૌથી પહેલા તો જે તે પરીક્ષા નો અભ્યાસક્રમ જોવો જરૂરી છે. તેમાં આપેલ વિષય અને એમના ગુણભાર પ્રમાણે ટાઈમ ટેબલ બનાવવું અને એ અનુરુપ રોજ વાંચન કરવું. અભ્યાસક્રમ માટે આપ જે તે પરીક્ષાની સત્તાવાર સૂચના ધ્વારા જાણી શકો છો અને



એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિતની વાત કરીએતો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક ગણિતના સામાન્ય નિયમો જાણી લેવા જોઈએ અને અમૂક શોર્ટ-કટ આવડવા જરૂરી છે જે માટે આપ કોઈ સારા પૂસ્તક ની મદદ લઈ શકો છો. એ જ પ્રમાણે આપ અંગ્રેજી અને જનરલ નોલેજ માટે અંગ્રેજી ન્યૂઝપેપરનું નિયમિત વાંચન કરી શકો છો. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ , ઈતિહાસ , બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે અને તે માટે આપ જી.સી.ઈ.આર.ટી અથવા એન.સી.ઈ.આર.ટી ના ધો.૫ થી ૧૦ના પૂસ્તકનું વાંચન કરી શકો છો. આવું કરવાથી આપનો પાયો મજબૂત બનશે અને ત્યારબાદ બજારમાં ઉપ્લબ્ધ કોઈ સારા પૂસ્તકનું ચયન કરવુ જરૂરી છે. અહીં એક વાત જણાવવા માંગીએ છીએ કે ''કોઈ એક જ વિષયના દસ અલગ-અલગ પુસ્તક વાંચવા કરતા એક જ પુસ્તક દસ વખત વાંચવુ વધુ યોગ્ય છે''. એટ્લેકે કોઈ એક વિષયના બજારમાં ઉપ્લબ્ધ એકાધિક પુસ્તક કરતા એક જ યોગ્ય પૂસ્તકનું નિયમિત વાંચન કરવુ. એ સિવાય આપ અલગ-અલગ વિષયનું જ્ઞાન મેળવવા માટે ઈન્ટરનેટ અથવા યુ-ટ્યુબનો પણ ઉપયોગ કરી શકો છો. આમ આપ ગંભીરતાપૂર્વક નિયમિત અને સતત મેહનત કરીને કોઈ પણ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું હાલ બી.કોમ.માં અભ્યાસ કરું છું. આગળ બેંક અને એસ.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષા આપવી છે. બંને તૈયારી સાથે કરવા માટે ટાઈમ મેનેજમેંટ કેવી રીતે કરવું?**

**- વિક્રમ ચૌધરી, ગાંધીનગર**

વિક્રમ, એ જાણીને ખૂબ આનંદ થાય છે કે આપ બી.કોમ.ના અભ્યાસ સાથે-સાથે બૅન્કિંગ અને એસ.એસ.સી. વિગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માંગો છો. તમારો સવાલ પણ ખૂબ મહત્વનો છે કે બંને સાથે કરવા માટે ટીમે મેનેજમેંટ કેવી રીતે કરવું? અમુક મહત્વના મુદ્દા અમે જણાવવા માંગીશું. પહેલો મુદ્દો કે બી.કોમ.માં સારા માર્કસ લાવી પાસ થવું એ આપની પ્રાથમિકતા હોવી જોઈએ. કેમ? એટલા માટે કે બી.કોમ આપના કરિયરનો આધાર બનશે. એટ્લે બી.કોમ ના ભણતરના ભોગે બીજી પરીક્ષાઓની તૈયારી ના કરવી. બીજો મુદ્દો કે બંને પરીક્ષાઓની તૈયારી સાથે થાય? તેનો જવાબ છે 'હા'! જો સાચી દિશામાં અને નિયમિત રૂપે જો આપ મેહનત કરશો તો આપણે સફળતા જરૂર મળશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઘણી બધી હોય છે. તેટલા માટે સૌ પ્રથમ આપ પોતાનો ધ્યેય નક્કી કરો. બહુજ મહત્વની બાબત એ છે કે તમે 'ગાડરીયા પ્રવાહમાં' ના વહેતા. એટ્લે કે જે બીજા લોકો કરે છે એજ તમારું કરવું એવું જરૂરી નથી. આપ પોતાનો ધ્યેય પોતાની ક્ષમતાઓ અને પસંદગીઓને ધ્યાનમાં રાખીને નક્કી કરો. તદ્દુપરાંત તે ધ્યેય પૂરું કરવા માટે જરૂરી વાંચન કરો. ટાઈમ મેનેજમેંટની વાત કરીએ તો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જો કોઈ સામન્ય વિદ્યાર્થી દિવસમાં નિયમિતરૂપે ૨-૩ કલાક આપી શકે તો તે સામાન્ય રીતે પર્યાપ્ત હોય છે. બાકીના સમયમાં આપ



બી.કોમ.ની કોલેજ અને તેના અભ્યાસને લગતા વાંચનમાં આપી શકો છો. આમ આપને બંને કોર્સને લગતા વિષયોને ધ્યાન આપવામાં કોઈ તકલીફ નહીં પડે અને આપ બૅન્કિંગ કે એસ.એસ.સી. કે કોઈ અન્ય પરીક્ષા જેને આપ ટાર્ગેટ કરી રહ્યા છો તેને આપ સરળતા પાસ કરી શકશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook: www.facebook.com/questions.careercorner